WBVF
WORLD BHARUCHI VAHORA FEDERATION

# વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન

## પ્રગતિના પંથે




સંગઠિત, શિક્ષિત, સ્વાવલંબી અને સશક્ત સમાજ


Section 8 Charity Company
Registered Under Ministry of Corporate Affairs, Government of India
CIN (Corporate Identity Number) : U85300GJ2019NPL110312
Follow us :


WBVF Vision 2030

જિંદગીભર કે શિકવે ગિલે થે બહુત
વકત ઈતના કહાં થા કે દોહરાતે હમ
એક હિચકી મેં કહ ડાલી સબ દાસ્તાં
હમને કિસ્સે કો યૂં મુખ્તસર કર લિયા



# “દિલ, દુઆ અને વિશ્વાસની એક અપીલ”

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

આ પુસ્તકનું પહેલું પાનું કોઈ ઔપચારિક શરૂઆત નથી...

આ તો એક સદા, એક ફરિયાદ, અને એક દિલમાંથી નીકળેલી દુઆ છે.

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન કોઈ એક દિવસમાં ઊભી થયેલી સંસ્થા નથી, પરંતુ શરૂઆતથી જ પ્રમાણિકતા, ઈખ્લાસ અને અખલાકી જવાબદારી સાથે સમાજ માટે કામ કરતી તેહરીક છે.

આગળ હવે પછીના પૃષ્ઠમાં ક્રમાનુસાર આપ આ પુસ્તકમાં WBVF ના તમામ પ્રોજેક્ટ્સનું સ્પષ્ટ અને વિગતવાર વર્ણન વાંચશો તો ચોક્કસ અનુભવશો કે ક્યા ક્ષેત્રમાં, કઈ રીતે, કેટલા બાળકો, પરિવારો, બહેનો સુધી, નગર શહેરો અને શહેરોથી દુર દરાજના ગામડાઓ સુધી, બેહતરીન કામ કરતો એક સમર્પિત પરિવાર કાર્યરત છે.

સાથીઓ, અલ્લાહ તઆલા સખી લોકોથી મુહબ્બત ફરમાવે છે.

મિલ્લતના તમામ લોકો, માલેતુજાર અને સાહિબે માલ સાથીઓને અમારી એક નમ્ર અપીલ છે કે WBVF એક એવા સમાજ બનાવવાની સફર પર છે જ્યાં મુકમ્મલ અને મજબૂત આયોજન દ્વારા આપણો સમાજ હંમેશા માટે ગરીબીની જંજીરોમાંથી આઝાદી મેળવે અને આખો સમાજ ઝકાત આપવાને કાબિલ બની જાય.

વિચારો, જો આપણે આપણી લિલ્લાહ, ઝકાત, ખૈયરાત અને સદકાહ જેવી દાનની રકમ એક ચોક્કસ આયોજન અને જવાબદારી સાથે ઉપયોગ કરીએ, તો તે દિવસો દુર નથી જ્યારે સમાજનો દરેક વર્ગ બા-ઈખતીયાર, તાલીમયાફતા અને આત્મનિર્ભર બનશે.

**અમો આપને દીલથી એક નમ્ર અપીલ કરીએ છીએ, આપની ઝકાતની રકમમાંથી ફક્ત ૧૦% હિસ્સો WBVF ના આ અજીમ મિશન માટે દાન કરશો.**

સમાજના બાળકોના શિક્ષણ માટે અને યતીમ બાળકો તથા બેવા બહેનોની કફાલત માટે આ પવિત્ર અને મહાન મિશનને આપ અવશ્ય યાદ રાખશો.

કારણ કે શિક્ષણ આજે ફક્ત લખવા-વાંચવા માટેની જરૂરીયાત નથી, બલ્કે આપણી આવતીકાલની પેઢીનું સુવર્ણ ભવિષ્ય છે. અને કફાલત માત્ર સહાય નથી પરંતુ અલ્લાહના પ્યારા રસૂલ ﷺની મુકદ્દસ અને ઉમદા સુન્નત પર અમલ છે.

નબી-એ-કરીમ ﷺનું ફરમાન છે, જેનો અર્થ એવો છે કે, “હું અને યતીમની કફાલત કરનાર જન્નતમાં સાથે હોઈશું.”

યાદ રાખજો,

આપ જે કાંઈ પણ આપશો તે WBVF પાસે નથી રહેવાનું, તે જરૂરતમંદ લોકોની અમાનતના રૂપે રાખવામાં આવે છે જેની પાઈ-પાઈનો હિસાબ રાખવામાં આવે છે અને એની જ્યાં સૌથી વધુ જરૂર છે ત્યાં પહોંચે છે, અને આખરે આપની આખિરતમાં નૂર બનીને જોડાય છે.

અલ્લાહ તઆલા આપના માલને હલાલ અને પાક બનાવે, આપના દિલને ઈતમીનાન આપે, અને આ અમલને આપ માટે સદકા-એ-જારિયા બનાવી દે.

આમીન યા રબ્બુલ આલમિન...

# મુહીમના રેહબર અને રૂહેરવાં તરફથી...

**એકતા**

**આપણી શકિત છે,**
**સાથે મળીને આપણે**
**બધું જ હાંસલ કરી શકીએ છીએ.**

અસ્સલામુઅલયકુમ વ.વબરકાતુહુ.
મારા સમાજના આદરણીય સાથીઓ,
આપ સૌને દિલથી સલામ.

અલ્લાહ પાકની મુકદ્દસ જાતનો શુક્ર અને એહસાન કે વર્ષ-૨૦૨૫ વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશનની સમાજ સેવાની સફળમાં એક ઐતિહાસિક અને સ્મરણીય માઈલસ્ટોન તરીકે ઊભર્યું છે. “વિઝન ૨૦૨૫” તરીકે જે વિચારની શરૂઆત થઈ હતી, એવું સ્વપ્ન જેમાં સંગઠિત, શિક્ષિત, સ્વાવલંબી અને સશક્ત સમાજના નિર્માણની સૌની ખ્વાહિશ હતી.

આજે અલ્લાહ તઆલાની રહેમત અને વૈશ્વિક ફલક પર ફેલાયેલી આપણી વિવિધ ટીમોની અથાક મહેનતના કારણે આ સ્વપ્ન એક જીવંત હકીકત બની ચૂક્યું છે.

આ વર્ષ દરમિયાન WBVF એ શિક્ષણ, સામાજિક વિકાસ અને સમાજ કલ્યાણના ક્ષેત્રોમાં અર્થપૂર્ણ આયોજનો દ્વારા પોતાના પાયાને વધુ મજબૂત કરી ખૂબ સરસ સંકલન સાધ્યું છે.

આપણા મુખ્ય મિશન હેઠળ શરૂ થયેલ તમામ યોજનાઓ સમાજની દરેક પેઢીમાં સકારાત્મક પરિવર્તનની ક્રાંતિ છે અને જેણે અનેક દિલોમાં નવી આશા જગાવી છે.

આ પ્રસંગે અમે સમગ્ર WBVF ટીમ અને સમાજ સેવાને સમર્પિત સાથીઓનો દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ. આપની નિષ્ઠા, ઈમાનદારી અને અવિરત પ્રયત્નો દરેક સફળતા માટે મજબૂત આધાર રહ્યા છે. આપ સૌની સંગઠિત મહેનતે WBVFની ઈમારતને મજબૂતી આપી છે અને એક ઉજ્જવળ, ખુશહાલ ભવિષ્ય તરફના રસ્તાઓ ખોલી નાખ્યાં છે.

આ સિદ્ધિઓની ઉજવણી સાથે આપણી આ સફર અહીં પૂર્ણ થતી નથી, હકીકતમાં, આ તો એક નવી શરૂઆત છે. આપણે વધુ ઉત્તમતા, વધુ એકતા અને વધુ સેવા તરફનું એક દુરંદેશી પગલું માંડવા આગળ વધી રહ્યા છે.

લાંબા દૃષ્ટિકોણ સાથે WBVF હવે પોતાના આગામી સમયમાં મહત્વપૂર્ણ પડાવ તરફ મક્કમતાપૂર્વક આગળ વધી રહ્યું છે.

ઈન્શાઅલ્લાહ ટૂંક સમયમાં સંસ્થા સમાજની વર્ષો જૂની ઈચ્છાને પ્રાધાન્ય આપતા, એક સુંદર મલ્ટીપર્પઝ કોમ્યુનિટી સેન્ટર "વહોરા ભવન" ના નિર્માણ તરફ ડગ માંડશે.


ઈન્શાઅલ્લાહ, સૂચિત વહોરા ભવન શિક્ષણ, સહકાર અને સમાજ સેવાનું ઐતિહાસિક કેન્દ્ર બનશે,જે આવનારી પેઢીઓનાં દિલોમાં સતત ધબકતી ઉમ્મીદ અને આગળ વધવાના ઉત્સાહનું ઉદ્‌ગમ સ્થાન બની રહેશે.

સમાજના વ્હાલા સાથીઓ,

WBVF એક એવી મંજિલ છે જ્યાંથી માનવતાની ગરીમાનો પરચમ ઊંચે લહેરાશે. આપણા આકા, રસૂલુલ્લાહ ﷺ ના મુબારક તરીકાઓ પર ચાલતાં WBVF ખિદમત-એ-ખલ્ક અને ભલાઈ-એ-ઈન્સાનિયતના અડગ સંકલ્પ સાથે સતત આગળ વધી રહ્યું છે. આપણે સૌ સાથે મળીને આપણી કૌમને મુત્તહિદ, ખુશહાલ, સંપન્ન, સમૃદ્ધ અને શિક્ષિત બનાવવાની કોશિશોમાં જ લાગેલા છીએ, લાગેલા રહીશું.

અમને પૂરો વિશ્વાસ છે કે રબ્બે ઈલાહીની મદદથી જ્યારે આ કાફલો પોતાની મંજિલ સુધી પહોંચશે, તે દિવસે WBVF માત્ર એક સંસ્થા નહીં રહે, પરંતુ એક વિચાર, એક જુસ્સો અને માનવતાની સેવા માટેનું એક મજબૂત વ્યવસ્થાત્મક માધ્યમ બની ચૂક્યું હશે.

અલ્લાહ આપણાં ઈરાદાઓને કબૂલ કરે અને આ મિશનને સતત બરકત આપે. આમીન.



ઐયુબ વલી અહેમદ અકુજી
વર્લ્ડ પ્રેસિડેન્ટ,
વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન.



# મેસેજ ઈન્ડિયા ચેપ્ટર પ્રેસિડેન્ટ તરફથી...

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

સમાજના મારા અઝીઝ ભાઈઓ અને બહેનો,

અસ્સલામુઅલયકુમ વ.વ.

સંગઠિત, શિક્ષિત, સ્વાવલંબી અને સશક્ત સમાજ બનાવવાનું જે સ્વપ્ન ક્યારેયક દિલોમાં એક ચિંગારી બનીને પ્રગટ્યું હતું, અલ્લાહ તઆલાના ફઝલો કરમ અને આપ સૌની મહોબ્બતની બરકતથી આજે WBVFના સ્વરૂપે એક સમાજ પ્રગતિના પર્યાયની મિશાલ બની ચુક્યું છે. આપણા બુઝુર્ગોની દુરંદેશી, યુવાનોનો જુસ્સો, કૌમના હમદર્દોની રહમદિલી અને નિષ્ઠાવાન મુખ્લીશ સેવકોની લાગલી આ બધા થકી વિઝન ૨૦૨૫ માત્ર એક સપનું નહી પણ વાસ્તવિકતાની ધરતી પર સુપેરે સાકાર થઈ ચુકેલી “હકીકત” સ્વરૂપે કાર્યરત છે.

આજે જ્યારે આપણે ૨૦૨૫ની મંજિલ પર ઊભા છીએ, ત્યારે સૌપ્રથમ હું મારા ખાલિક અને માલિક અલ્લાહ તબારક વ તઆલાની અઝમત વાળી જાતનો શુક્ર ગુજાર છું, જેણે અમને નેક નિયત સાથે કામ કરવાની તૌફીક અતા ફરમાવી. પછી દિલની ઊંડાઈઓ થી શુક્રિયા અદા કરું છું તે દરેક શખ્સનો, જેણે પોતાની દુઆ, મહેનત, દોલત અને પોતાની ઈખ્લાસ ભરી નિયતથી આ મિશનને આગળ વધાર્યું.

ભારત...

આ આપણો પ્યારો દેશ, જેની માટીમાં માનવતાની ખુશ્બુ વસે છે, અને જેના વાતાવરણમાં મહોબ્બત પોષાય છે. એવા દેશમાં WBVF જેવી સામાજિક સંસ્થાની જવાબદારી નિભાવવી મારા માટે એક અમાનત છે.

અલહમ્દુલીલ્લાહ, WBVF ટીમે દરેક તબક્કાઓ પર સાબિત કર્યું છે કે WBVF માત્ર એક સંસ્થા નથી. પરંતુ યતીમોની આશા છે, ગરીબોનો સહારો છે, બેવાઓની ઉમ્મીદ છે, અને દુખી દિલો માટે સારવાર છે.

WBVFએ શિક્ષણ પર વિશેષ ધ્યાન આપ્યું છે. વિદ્યાર્થીઓને આર્થિક સહાય સાથે કારકિર્દી માર્ગદર્શન આપવું, તેમના અભ્યાસની શરૂઆતથી લઈને અંત સુધી જે ક્ષેત્રમાં પણ ખોટ પડે તેને પૂરું કરવાની શ્રેષ્ઠ કોશિશ અમે કરી છે. સમાજને શિક્ષિત અને પ્રોફેશનલ યુવાનો મળે જે દેશની બહેતરી માટે કામ કરી શકે. આ હેતુથી અમે દરેક બીજ વાવવાનો પ્રયાસ કર્યો છે અને આજે અનેક સમાજ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક ચલાવી રહ્યા છીએ.

યતીમ બાળકો, વિધવા માં-બહેનો અને ત્યક્તા બહેનો માટે માનવતાના મસીહા પયગંબર મુહંમદ ﷺ ના આદેશ મુજબ મિશન કફાલત નામે WBVF થકી પ્રોજેક્ટ શરૂ કરીને આવા બેસહારા પરિવારો સન્માનજનક જીવન જીવી શકે અને તેમને આર્થીક માનસિક સહિયારો આપવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે.

ગરીબ લોકો વ્યાજની જાળમાં ફસાઈ ન જાય, તેમને સારો રોજગાર મળે અને વ્યાજ વગરની

લોન સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તે માટે WBVF સહકારી મંડળી સતત કાર્ય કરી રહી છે.


સમાજમાં આપણા સાથે જીવતા દિવ્યાંગ બાળકોને અત્યાધુનિક સંસાધનો દ્વારા થેરાપી-સારવાર મળે, એમના પરેશાન માં-બાપ કુટુંબને સહારો મળે, આવા બાળકોને પણ આપણી જેમ સામાન્ય જીવન જીવવાનો અવસર મળે એવા હેતુથી WBVF મમતા રિહેબ સેન્ટર એક ઉત્તમ ઉદાહરણરૂપે કાર્યરત છે.

ઉમર લાયક યુવાઓ માટે WBVF મેટ્રિમોનિયલ સેવા પણ આપવામાં આવી રહી છે. આ સાથે અમારી યુથ અને લેડીઝ વિંગે પણ આ તમામ સેવાઓમાં પ્રશંસનીય ભૂમિકા ભજવી છે અને આજે પણ ભજવી રહ્યા છીએ.

આ બધું આપણા સમાજની તરક્કીનો જીવંત પુરાવો છે.

“અમારી આ જદ્દોજહદ કોઈ નામ, શોહરત કે ખુરશી માટે નથી. પરંતુ ઉમ્મતની બહેતરી, મિલ્લતની તરક્કી અને અલ્લાહની રઝામંદી માટે છે. કૌમનો દરેક બાળક ભણશે તો આપણી આવતીકાલ ઉજ્જવળ બનશે. દરેક ઘર ખુશહાલ રહેશે અને આપણો સમાજ મજબૂત બનશે. જ્યારે આપણે એકબીજાની સાથે ઊભા રહીશું ત્યારે આપણી ઓળખ દુનિયામાં ઝળહળશે.”

અલ્લાહ ગવાહ છે. અમારી નિયત માત્ર અને માત્ર આપની ખુશહાલી છે. અમારી મહેનત આવનારી પેઢીઓ માટે છે. અને અમારી દુઆ માત્ર એટલી જ છે “યા અલ્લાહ! આ કૌમને ઈલ્મ, અમલ, ઈત્તેહાદ અને બરકતોથી માલામાલ ફરમાવ. અમારા કદમોને દીન અને ઈન્સાનિયતના માર્ગ પર મજબૂત રાખી અને WBVFને આ ઉમ્મત માટે રહમત બનાવી દે. આમીન...



આપનો ભાઈ,

નાસિર એ. પટેલ

પ્રમુખ WBVF ઈન્ડિયા ચેપ્ટર

**ઈનશા’અલ્લાહ,**

**આપણે એવા સમાજનું નિર્માણ કરીશું જ્યાં, કોઈ પણ ઘર ઝકાત લેતું નહીં, દરેક ઘર ઝકાત આપનાર બનશે.”**



# સંસ્થા પરિચય

## વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન...

“જ્યારે નિયત પવિત્ર હોય છે, ત્યારે અલ્લાહપાક તે દરવાજા ખોલી આપે છે, જે માનવીને અશક્ય લાગતા હોય છે.”

કોઈ પણ મોટું મિશન કાગળ પર નહીં પરંતુ હૃદયના તે નિશ્ચિત ખૂણામાં જન્મે છે,

જ્યાં સમાજનું દુઃખ બોલતું હોય, અને લોકોની હમદર્દી છુપાયેલી હોય.

જ્યાં અલ્લાહપાક એક નાની એવી પ્રેરણા મૂકે છે એ પ્રેરણા સ્વપ્ન બને છે,

સ્વપ્ન એક વિઝન બને, વિઝન એક પ્રયાસ બને અને એ પ્રયાસ આખી કૌમનું ભવિષ્ય બદલવાની શક્તિ ધરાવે છે.

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન પણ આવી જ એક પ્રેરણામાંથી જન્મ્યું, એક મુકદ્દસ ઈચ્છા જેનો હેતુ વિશ્વભરમાં ફેલાયેલી ભરૂચી વહોરા પટેલ કૌમને જોડવાનો, ઉઠાવવાનો અને સશક્ત બનાવવાનો હતો.

એક ભાષા, એક સરખો પહેરવેશ, એક સંસ્કૃતિ અને એક વારસો ધરાવતી કૌમ જેનો ઈતિહાસ આશરે આઠસો વર્ષ જૂનો છે. નર્મદા અને મહીસાગર નદીઓ વચ્ચેની આ ધરતીમાંથી નીકળીને, આજે આ કૌમ વિશ્વના 34 દેશોમાં પોતાની મહેનત, ઈમાન અને ઓળખ સાથે ફેલાઈ ચૂકી છે.

જ્યાં જ્યાં ભરૂચી વહોરા પટેલ સમાજએ વસવાટ કર્યો, ત્યાં પોતાના રોજગાર સાથે મસ્જિદો, દીની દર્શગાહો અને સામાજિક સંસ્થાઓ ઊભી કરી.

પરિશ્રમથી, શિસ્તથી અને સંસ્કારોથી આબેહૂબ રંગાયેલ આ સમાજ પાસે બધું હોવા છતાં, એક કેન્દ્રિય મંચની ખોટ હતી. એવી કોઈ છત નહોતી, જે દરેક લોકોને એકસાથે જોડે, શિક્ષણનું ભાથું પુરુ પાડે અને સ્વાવલંબી, તથા સશક્ત બનાવે.

WBVF એ જ છત બન્યું,

એ જ ઘર બન્યું જેની રાહ આ કૌમે પેઢીઓથી જોઈ હતી.

આપણા પ્યારા નબી હઝરત મુહંમદ ﷺ નું મુબારક ફરમાન છે કે, “લોકોમાં શ્રેષ્ઠ તે છે, જે અન્ય લોકો માટે સૌથી વધુ લાભદાયી બને.”

WBVF એ માનવતાની સેવા દ્વારા સમાજને મજબૂત બનાવવાનો સંકલ્પ રાખે છે.

સંગઠિત, શિક્ષિત, સ્વાવલંબી અને સશક્ત સમાજના ઉદ્દેશ્ય સાથે, વર્ષ ૨૦૧૯ માં, અલ્લાહની રહમત અને રહનુમાઈથી, WBVF એ ભારત સરકારના કંપની એક્ટના સેક્શન ૦૮ ચેરીટી કંપની તરીકે નોંધણી કરાવી.

સંસ્થાના સદર હાજી ઐયુબ વલી અહમદ અકુજી સાહેબની નેતૃત્વમાં અને ૧૩ સંસ્થાપક બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની નિષ્ઠાપૂર્ણ મહેનતથી ફેડરેશને સ્થાપના ના પગરણ માંડ્યા.

સંસ્થાના પ્રમુખ, મૂળ ભરૂચ જિલ્લાના દયાદરા ગામના રહેવાસી અને હાલ ઝાંબિયામાં વસતા હાજી ઐયુબ વલી અહમદ અકુજી સાહેબ આ દૃષ્ટિના જીવંત પ્રેરણાસ્રોત છે.

શરૂઆત થઈ અને સંસ્થા એ પ્રથમ સોપાનના રૂપે વિઝન ૨૦૨૫ની રચના કરી અને તેના પર કાર્ય કર્યું.

વિઝન ૨૦૨૫ સ્યાહીથી લખાયેલ દસ્તાવેજ નથી તે દૂઆઓ, સંવેદના અને શ્રેષ્ઠ કુરબાનીઓ થી રચાયેલ સંકલ્પ છે.

શિક્ષણ, કુશળતા વિકાસ, સામાજિક-આર્થિક ઉન્નતિ, સ્ત્રી સશક્તિકરણ, યુવાઓને રોજગાર, ઉદ્યોગ ક્ષેત્રે યુવાઓને તૈયાર કરવા સમાજના દિવ્યાંગ બાળકોની સંભાળ, યતીમ બાળકો અને વિધવા બહેનોના પરિવારોને સહારો અને ઈસ્લામી સિધ્ધાંતો મુજબ વ્યાજમુક્ત આર્થિકસહાય આ તમામ પ્રયાસો દ્વારા એક સંગઠિત, શિક્ષિત, સ્વાવલંબી અને સશક્ત સમાજ બનાવવાનો સોનેરી પ્રયાસ WBVF કરી રહ્યું છે અને અલ્લાહ પાકના શુક્રથી એમાં ખૂબ મોટી સફળતા મળી છે.

# ધ્યેય અને ઉદ્દેશ્ય

## ધ્યેય

- સમગ્ર દુનિયામાં ફેલાયેલા ભરૂચી વહોરા પટેલ સમાજને એક મંચ પર લાવવો.
- ભરૂચી વહોરા પટેલ સમુદાયના લોકો રહેતા હોય તેવા દરેક ગામ / શહેરમાં સમાજનું સંગઠન ઉભું કરવું અને વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશનની રચના કરવી.

## હેતુઓ

- ભરૂચી વહોરા પટેલ સમાજની વસ્તી ધરાવનાર શહેરમાં સમાજના સુસજ્જ કાર્યાલયની સ્થાપના કરવી.
- દરેક શહેરમાં આપણાં પોતાના બહુલક્ષી સમુદાય કેન્દ્રની સ્થાપના કરવી.
- સમાજની યુવા તથા મહીલા પાંખની સ્થાપના કરવી.
- શિક્ષણ તથા રોજગાર લક્ષી કેન્દ્રો ની સ્થાપના કરવી.
- આગવી વેબસાઈટ, સોશિયલ મીડિયા આયોજન કરવું.
- કાનૂની, તબીબી તથા કલ્યાણ કેન્દ્રોની સ્થાપના કરવી.
- સમૂદાયનો માહિતી સંગ્રહ ઉભો કરવો.
- બીજા સમાજો તથા સંસ્થાઓ સાથે સંકલન કેળવવુ.
- સંસ્કૃતિ, વારસો તથા ઓળખ જાળવી રાખવાના સઘન પ્રયાસો કરવા.
- શાદી વિષયક એક એવા માળખાની વ્યવસ્થા કે જેનાથી શાદી વિષયક પ્રશ્નો હલ થાય.
- સમગ્ર વિશ્વમાં ફેલાયેલ ભરૂચી વહોરા પટેલ સમાજનું એક એવું અતુટ નેટવર્ક / માળખું ઉભુ કરવુ જ્યાં બધાના સુખનો સરવાળો અને દુખની બાદબાકી થાય.

## સંસ્થાના હાલ કાર્યરત પ્રોજેક્ટસ

WBVF Vision 2030

WBVF Vision 2035 — 100 Billionaires

The WBVF Savings & Credit Co-operative Society Ltd. Bharuch — WBVF

Mission Everest — We Can Do it...! — WBVF

Mamta Rehab Centre — WBVF

WBVF Common Service Center — WBVF

World Bharuchi Vahora Federation — WBVF

Commerce Championship — WBVF — Igniting Young Minds...

- સ્પર્ધાત્મક પરીક્ષાઓ
- મિશન બુનિયાદ
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ
- ડાયગ્નોસ્ટિક સેન્ટર અને સ્ત્રીરોગ જાગૃત્તા
- મેટ્રીમોનીયલ
- યુથ અને લેડીઝ વીંગ

# કોરોના કાળ

૨૦૧૯ માં WBVF ની શરૂઆત થઈ રહી હતી,

ત્યારેજ એક સૌથી મોટી પરીક્ષા આવી પડી અને એ હતી કોવિડ ૧૯.

કોરોના સમય માનવજાત માટે એક કપરોકાળ હતો. જેણે અસંખ્ય લોકોને તેનાં ભયાનક ભરડામાં લીધા હતા.

દુનિયા ગભરાઈ ગઈ, ઘરો નિ:શબ્દ થઈ ગયા, ભય હવામાં તરવા લાગ્યો, હોસ્પિટલો મરીજોથી ઉભરાતી હતી.

આ એ સમય હતો, જયારે માનવતા રડી રહી હતી,

અને તેવા સમયે WBVF મજબૂત રીતે ઊભું રહી અંધકારભરેલી રાતોમાં હજારો પરિવારો માટે આશાનું કિરણ બની શક્યું.

આ સમયમાં WBVF એ કોવીડ કેર સેન્ટર્સ, ઓક્સિજન બોટલ, બાયપેપ, વેન્ટિલેટર જેવી મશીનરી, દવાઓ, રાશન કીટ્સ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી ખુબ મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચાડવા માં મદદરૂપ બન્યું.

અને દરેક દુ:ખી પરિવાર સાથે ખભા થી ખભા મિલાવી, WBVF હંમેશા ઊભું રહ્યું.

અને અહીંયા WBVF એ સાબિત કર્યું કે અમે માત્ર એક સંસ્થા નથી આપણે એક પરિવાર છીએ.





















# મિશન એવરેસ્ટ

આ દુનિયામાં ગરીબી માત્ર આર્થિક અછતનું પ્રમાણ નથી બલકે, ગરીબી એ અવસરના અભાવનું નામ છે. જ્યાં અવસર નથી ત્યાં સ્વપ્નો જન્મતાં નથી, અને જ્યાં સ્વપ્નો નથી ત્યાં ભવિષ્ય અંધકારમય બની જાય છે.

આવા અંધકારમાં જો કોઈ એક દીવો પ્રગટે, તો તેની રોશની માત્ર એક વ્યક્તિ સુધી સીમિત રહેતી નથી, પરંતુ આખા પરિવાર અને આખા સમાજ સુધી પહોંચે છે. શિક્ષણ એ એવો જ દીવો છે, જે માનવ જીવનની દિશા અને દશા બદલી શકે છે.

“જો તમે કોઈ એક ગરીબ બાળકને ભણાવો, તો તમે માત્ર એક વિદ્યાર્થી તૈયાર કરતા નથી, પરંતુ તમે એ બાળકને અને તેના સમગ્ર પરિવારને હંમેશા માટે ગરીબીની સાંકળોમાંથી આઝાદી અપાવવાનો રસ્તો ખોલી આપો છો.”

WBVFનું મિશન એવરેસ્ટ પવિત્ર કુરઆન-એ-પાકની પ્રથમ આયત “ઈકરા” ની જીવંત તાઈદ છે.

WBVFનું સ્વપ્ન એવો સમાજ ઊભો કરવાનો છે

“જ્યાં કોઈપણ ઘર ઝકાત લેવા મજબૂર ન રહે, પરંતુ દરેક ઘર ઝકાત આપનાર બને.”

શિક્ષણ થી વ્યક્તિ, વ્યક્તિ થી સમાજ, સમાજથી રાષ્ટ્ર નિર્માણ કરવું એ મિશન એવરેસ્ટનો મૂળ ઉદ્દેશ્ય છે.

WBVF માને છે કે સમાજના દરેક બાળકને ઓછામાં ઓછું સ્નાતક સ્તર સુધીનું શિક્ષણ મળવું જ જોઈએ કારણ કે અધૂરી શિક્ષા અધૂરો સમાજ ઊભો કરે છે.

પરંતુ મિશન એવરેસ્ટ ફક્ત દુન્યવી શિક્ષણ સુધી સીમિત નથી. આ મિશન બાળકોને તેમના સંસ્કાર અને સંસ્કૃતિની ઓળખ સાથે જોડીને આગળ વધારવાનું કાર્ય કરે છે.

તેથી આવનારા સમયમાં તેઓ સમાજ અને દેશના ઉત્થાન માટે જવાબદાર અને સક્રિય ભૂમિકા ભજવી શકે.

**WBVF મિશન એવરેસ્ટ અંતર્ગત નીચે મુજબ ના પ્રોજેક્ટ કાર્યરત છે.**



# WBVF શિક્ષણ સહાય

આજના યુગમાં, જ્યાં શિક્ષણ દિન પ્રતિદિન વધુ મોંઘું બનતું જાય છે, તેથી સમાજનો એક મોટો વર્ગ માત્ર આર્થિક પરિસ્થિતિના કારણે પોતાના બાળકોનું શિક્ષણ અધવચ્ચે છોડી દેવા મજબૂર બને છે. ઘણા ઘરોમાં બાળકોના સપનાઓ પુસ્તકોની વચ્ચે નહીં, પરંતુ આર્થિક તંગી અને મજબૂરીઓની નીચે દબાઈ જતા જોવા મળે છે.

આવા સંવેદનશીલ સમયમાં, સમાજના કોઈપણ બાળકને માત્ર પૈસાની અછતના કારણે શિક્ષણથી વંચિત ન રહે આ નિષ્ઠાપૂર્ણ વિચાર સાથે વર્લ્ડ ભરુચી વહોરા ફેડરેશન છેલ્લા છ વર્ષોથી સતત શિક્ષણ સહાયનું પવિત્ર કાર્ય કરી રહ્યું છે.

WBVF નું માનવું છે કે શિક્ષણ દાન નથી,

પરંતુ બાળકનો મૂળભૂત હક છે. અને આ હક સુધી પહોંચવામાં આર્થિક અવરોધ ક્યારેય દીવાલ બનવો જોઈએ નહીં. આ જ યકીનને અમલમાં ઉતારતાં, છેલ્લા છ વર્ષોમાં WBVF થકી સમાજના જરૂરિયાતમંદ બાળકો સુધી **૫ કરોડ ૭૯ લાખ** રૂપિયાથી વધુની શૈક્ષણિક સહાય સફળતાપૂર્વક પહોંચાડવામાં આવી છે.

આ સહાય માત્ર ફી ભરપાઈ નથી, પરંતુ બાળકના ભવિષ્યના દરવાજાઓને ખોલનારી ચાવી છે.

કોઈ માટે આ સહાય શાળા સુધી પહોંચવાની સીડીઓ બની, તો કોઈ માટે મેડિકલ, એન્જિનિયરિંગ કે કોમર્સ જેવા મોટા સપનાઓ તરફનું પહેલું પગલું.

WBVF માટે શિક્ષણ સહાય એક યોજના નથી,

પરંતુ એક દુઆ છે જે દરેક બાળકના ભવિષ્ય સાથે જોડાયેલી છે.

## WBVF શિક્ષણ સહાયનો પ્રભાવ ૨૦૨૧ થી ૨૦૨૫

| લાભાર્થી વિદ્યાર્થીઓ | સમાવિષ્ટ અભ્યાસક્રમો | કુલ વિતરિત રકમ | ગૌરવશાળી સ્નાતકો |
|---|---|---|---|
| ૪૦૦૦+ | ૨૫+ | રૂ. ૫.૭૯ કરોડ | ૭૭૨ |













# કારકિર્દી માર્ગદર્શન

દરેક બાળકને સૌથી વધુ જરૂર હોય છે સહી રેહનુમાઇ(માર્ગદર્શન) ની.

શરૂઆતમાં વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્ય અંગે અસમંજસમાં હોય જ છે.

યોગ્ય માર્ગદર્શનના અભાવે તેઓ ઘણીવાર પોતાની રુચિ અને ક્ષમતાને અનુરૂપ ન હોય તેવા માર્ગો પસંદ કરી લેતા હોય છે.

ઘણી વાર રસનો વિષય ન હોય, તો ઘણી વાર આર્થિક પરિસ્થિતિ સારી ન હોય તો કોઈક વાર ભવિષ્યમાં એ કોર્ષની કોઈ ખાસ તકો જ ન હોય અને કેટલી વાર આપણા બાળકોની પરિસ્થિતિ ન ઈધર કે રહે, ન ઉધર કે રહે જેવી બનતી હોઈ છે.

આ ગંભીર પડકારોને સમજી, WBVF એ વિદ્યાર્થીઓને તેમની ખરી ક્ષમતાનો એહસાસ કરાવવા માટે કારકિર્દી માર્ગદર્શન પ્રોજેક્ટની શરૂઆત કરી.

આ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલી કાઉન્સેલિંગ સેશન અને વિષય નિષ્ણાતો સાથેની અર્થપૂર્ણ મુલાકાતો દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની તાકાત ઓળખી, સ્પષ્ટ લક્ષ્યો નક્કી કર્યા અને પોતાના અંદર આત્મવિશ્વાસ વિકસાવ્યો.

આ માર્ગદર્શન તેમના ભવિષ્ય માટે એક નવી દિશા સાબિત થયું. આ પ્રોજેક્ટ અંતર્ગત તેઓને વિશેષ રીતે સમજી યોગ્ય કોર્ષમાં અને યોગ્ય યુનિવર્સિટી અથવા કોલેજ પસંગીમાં મદદ કરવી, તેઓને આર્થિક આયોજનમાં મદદ કરવી, ભવિષ્યની તકો વિશે માહિતગાર કરવા અને તમામ બાળકો દુન્યવી શિક્ષણ સાથે દિની અખલાકથી જોડાયેલા રહે એવી બેહતરીન કોશિશ કરી રહ્યા છે.

સમગ્ર ગુજરાત રાજ્યના બાળકો આ પ્રોજેક્ટનો દર વર્ષે ખૂબ ઉત્સાહ સાથે લાભ લેતા હોય છે.

આ વર્ષથી આ બાળકો સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી અને ભારતની મોટી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરે એવા સુંદર પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

| લાભાર્થી વિદ્યાર્થીઓ | સમાવિષ્ટ અભ્યાસક્રમો |
|---|---|
| ૨૫૦૦૦+ | ૧૦૦+ |



# કોમર્સ ચેમ્પિયનશીપ

ફાઈનાન્સ, એકાઉન્ટિંગ, બેંકિંગ અને મેનેજમેન્ટમાં કુશળ વ્યાવસાયિકોની વધતી માંગ સાથે, ભારતમાં વાણિજ્ય શિક્ષણનું મહત્વ વર્ષોથી વધ્યું છે.

ભરૂચ જિલ્લામાં CA ક્ષેત્ર વિશે જાગૃતિ અને માર્ગદર્શનનો અભાવ હતો. વધતી જતી CA ની ડિમાન્ડ સાથે આવનારા ૧૦ વર્ષમાં આપણા સમાજમાંથી ૧૦૦ CA/CS/CMA/IIM/CLAT પ્રોફેશનલ્સ આપવાના ઉદ્દેશ્ય સાથે, WBVF અને PMET ના સંયુક્ત ઉપક્રમે "કોમર્સ ચેમ્પિયનશીપ" પ્રોજેક્ટ ભરૂચમાં શરૂ કર્યો.

આ પ્રોજેક્ટ હેઠળ પ્રિ-ફાઉન્ડેશન ૧૧/૧૨ કોમર્સ, PMET અને WBVF પ્રવેશ પરીક્ષા, CA ફાઉન્ડેશન અને CA ઈન્ટરમીડિએટ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. હાલ ૫૨૩ થી વધુ વિદ્યાર્થીઓ CA માટેની તાલિમ લઈ રહ્યા છે.

સમાજની ૫૦ કરતા વધુ શાળાઓના વિદ્યાર્થીઓએ આ પ્રોજેક્ટમાં ભાગ લઈ રહ્યા છે.

હાલ સુધી ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ કોમર્સ ચેમ્પિયનશીપની પરીક્ષા આપી છે. અલ્હમ્દુલિલ્લાહ, પ્રોજેક્ટના કુલ ૮૩ વિદ્યાર્થીઓએ CA ફાઉન્ડેશનની પરીક્ષા પાસ કરી અને હવે CA ઈન્ટરમીડિએટની તૈયારી કરી રહ્યા છે.

આ સાથે આ પ્રોજેક્ટમાં જંબુસર, સાંસરોદ-વરેડીયા અને ભરૂચ મુકામે પ્રિ-ફાઉન્ડેશનના વર્ગો ચાલી રહ્યા છે.

જેમાં ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ CA ની તાલિમ લઈ રહ્યા છે.

## WBVF કોમર્સ ચેમ્પિયનશીપનો પ્રભાવ ૨૦૨૧ થી ૨૦૨૫

| જોડાયેલી શાળાઓ | કોચિંગ ક્લાસીસ | ૧૧-કોમર્સના વિદ્યાર્થીઓ | ૧૨-કોમર્સના વિદ્યાર્થીઓ |
|---|---|---|---|
| **૫૧+** | **૧૦+** | **૧૮૦+** | **૧૭૫+** |

| CA ફાઉન્ડેશનના વિદ્યાર્થીઓ | CA ઈન્ટરમીડિયેટના વિદ્યાર્થીઓ | CA ફાઈનલના વિદ્યાર્થીઓ |
|---|---|---|
| **૮૫+** | **૬૧+** | **૨૨+** |



# મિશન બુનિયાદ

WBVF એ એક વધુ ગંભીર હકીકતને ઓળખી. ઘણા બાળકો પ્રાથમિક સ્તરે મજબૂત શૈક્ષણિક પાયા વિના આગળ વધી રહ્યા હતા. જ્યારે શિક્ષણની બુનિયાદ મજબૂત ન હોય, ત્યારે આગળનો આખો શૈક્ષણિક સફર અસ્થિર જ રહે છે.

આ જ સમજણ સાથે WBVF એ ધોરણ ૫ થી ૮ સુધીના બાળકોના શિક્ષણની ગુણવત્તા સુધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું. હેતુ બહુ સાદો હતો દરેક બાળકમાં વાંચન, લેખન અને મૂળભૂત કૌશલ્યોની મજબૂત પાયો રચાય, જેથી તે પોતાનું ભવિષ્ય આત્મવિશ્વાસ સાથે ઘડી શકે.

અને બસ, આ જ વિચારથી ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ WBVF એ મિશન બુનિયાદની શરૂઆત કરી.

આ પ્રોજેક્ટ થકી વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન અને મૂળભૂત કૌશલ્યોને મજબૂત બનાવી, તેઓને ભવિષ્યમાં ઊભા થનારા વિષયો અને તકો માટે તૈયાર કરવા, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવી જેથી આવનારા સમય માટે તેઓ સંપૂર્ણ રીતે તૈયાર બની શકે. આ મિશન હેઠળ Common Entrance Test (CET) આ સરકારશ્રી તરફથી યોજનાર સ્પર્ધાત્મક પરીક્ષા છે જેમાં રેન્ક મેળવ્યા બાદ વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ લેવા પાત્ર બનતા હોય છે.

આ પ્રોજેક્ટ નિયમિત રીતે આવી પરીક્ષાઓ ની તૈયારી કરાવવાનું આયોજન કરે છે.

મિશન બુનિયાદ થકી અત્યાર સુધી માં ૯૩,૨૦,૦૦૦/- રૂપિયા જેવી માતબર રકમ ૪૬૬ વિદ્યાર્થીઓ સુધી સરકારી સ્કોલરશીપ રૂપે પહોચાડવામાં સફળતા મેળવી છે.

મિશન બુનિયાદ માત્ર એક શૈક્ષણિક પહેલ નથી...
આ તો બાળકોના ભવિષ્ય માટે મજબૂત બુનિયાદ ઉભી કરવાની એક અસરકારક સફળ છે.

| જોડાયેલી શાળાઓ | કુલ વિદ્યાર્થીઓ |
|---|---|
| ૧૮૦+ | ૮૦૦૦+ |

**મેરિટ લિસ્ટ - કોમન એન્ટ્રન્સ ટેસ્ટ**

| બ્લોક (વિસ્તાર) | કુમારો | કન્યાઓ | કુલ વિદ્યાર્થીઓ |
|---|---|---|---|
| જંબુસર | ૪૫ | ૬૨ | ૧૦૭ |
| આમોદ | ૪૯ | ૪૦ | ૮૯ |
| વાગરા | ૨૨ | ૩૪ | ૫૬ |
| ભરૂચ ગ્રામ્ય ૧ | ૭૦ | ૫૫ | ૧૨૫ |
| ભરૂચ ગ્રામ્ય ૨ | ૩૩ | ૪૯ | ૮૨ |
| ભરૂચ શહેર | ૦૪ | ૦૩ | ૦૭ |
| કુલ | ૨૨૩ | ૩૪૨ | ૪૬૬ |



# માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન દ્વારા સંચાલિત મિશન બુનિયાદ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ ૦૮ સુધીના બાળકોના સર્વાંગી કૌશલ્ય વિકાસ તથા શ્રેષ્ઠતમ શિક્ષણ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ સાથે ધોરણ ૦૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે અલગથી સેકન્ડરી અને હાયર સેકન્ડરી પ્રોજેક્ટ અમલમાં છે, જે સમાજની ૬૦થી વધુ શાળાઓમાં સક્રિય રીતે કાર્યરત છે.

આ પ્રોજેક્ટ હેઠળ આજદિન સુધી ૧૨થી વધુ શાળાઓના વિદ્યાર્થીઓનું અનુભવી અને પ્રોફેશનલ સ્ટાફની ટીમ દ્વારા વિગતવાર સાયકોલોજિકલ એસેસમેન્ટ કરવામાં આવ્યું છે.

આ પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓની રુચિ, ક્ષમતા અને વલણને સમજીને તેઓ ભવિષ્યમાં કયા ક્ષેત્ર તરફ વધુ યોગ્ય રીતે આગળ વધી શકે તે દિશા ધોરણ ૦૯થી જ નિર્ધારિત કરવામાં આવે છે.


વિદ્યાર્થીઓના ભવિષ્યના અભ્યાસ માટે શરૂઆતથી જ યોગ્ય માઈન્ડસેટ તૈયાર કરી તેમને સતત અને ગુણવત્તાયુક્ત માર્ગદર્શન આપવામાં આવે છે. સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારી, શિક્ષણની સાથે કૌશલ્ય વિકાસ પર વિશેષ ધ્યાન આપવાનું કાર્ય પણ આ પ્રોજેક્ટનો મહત્વપૂર્ણ ભાગ છે.

આધુનિક અને ઝડપથી બદલાતા યુગમાં બાળકોને સ્કિલ-બેઝ્ડ શિક્ષણ મળે અને તેઓ સમય સાથે કદમ મિલાવી શકે તે હેતુથી નવીન અભિગમો અને વ્યવહારુ શિક્ષણ પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે.

આ ઉપરાંત સમાજની તમામ શાળાઓના વિદ્યાર્થીઓને CUET પરીક્ષાની તૈયારી પણ કરાવવામાં આવી રહી છે, જેથી આવનારા સમયમાં તેઓ ભારતની પ્રતિષ્ઠિત સેન્ટ્રલ યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે અને પોતાનું ભવિષ્ય વધુ મજબૂત બનાવી શકે.

**જોડાયેલી શાળાઓ**

**૬૦+**



# સ્પર્ધાત્મક પરીક્ષાઓ

કોઈ પણ સરકારી નોકરી મેળવવી એ માત્ર એક રોજગાર નહીં, પરંતુ સમાજમાં માન, સુરક્ષા અને સેવા કરવાની તક હોય છે. આ લક્ષ્ય સુધી પહોંચવા માટે સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં રેન્ક મેળવી સફળ થવું ફરજિયાત છે અને આ માર્ગ સરળ નથી, પરંતુ યોગ્ય માર્ગદર્શન, સતત મહેનત અને મજબૂત સહારો મળે તો અશક્ય પણ નથી.

આ સત્યને સમજતા, સમાજના બાળકો પણ આ ક્ષેત્રે આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકે એ હેતુથી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવાનો આ પ્રોજેક્ટ એક આશાનું પ્રકાશ બનીને ઊભો રહ્યો છે.

છેલ્લા બે વર્ષોમાં સરકારી શિક્ષક બનવાની ઈચ્છા ધરાવતા અનેક વિદ્યાર્થીઓ માટે આ પ્રોજેક્ટ જીવન બદલનાર સાબિત થયો છે.

B.Ed પૂર્ણ કર્યા બાદ TET અને TAT (Teacher Eligibility Test) જેવી કઠિન પરીક્ષાઓ પાસ કરવી વિદ્યાર્થીઓ માટે મોટો પડકાર હોય છે. આ પડકારને સહેલો બનાવવા માટે સતત Offline તથા Online માધ્યમથી વ્યવસ્થિત ક્લાસિસ શરૂ કરવામાં આવ્યા.

વિદ્યાર્થીઓની જરૂરિયાત અનુસાર, વિષયવાર માર્ગદર્શન,નિયમિત ટેસ્ટ,પર્સનલ મેન્ટોરિંગ અને મનોબળ વધારતું પ્રોત્સાહન,આ બધાનો સુમેળ રચાયો.

આ આયોજનબદ્ધ મહેનતનું પરિણામ એ આવ્યું કે **૧૨ જેટલા વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક સરકારી શિક્ષક તરીકે નોકરી મેળવી,** અને પોતાના પરિવાર તથા સમગ્ર સમાજ માટે ગૌરવનું કારણ બન્યા.

સાથે સાથે, આગામી સમયમાં GPSC અને UPSC જેવી ઉચ્ચ સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ આપણા સમાજના બાળકો ઉત્કૃષ્ટ પરિણામ મેળવી, દેશની સેવા માટે તૈયાર થાય એ દિશામાં આયોજન થઈ રહ્યું છે.

આ સાથે જ, બહુ જલ્દી રીડિંગ કમ રિસોર્સ સેન્ટર કાર્યરત થશે, જેએક એવી જગ્યા જ્યાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જરૂરી તમામ અભ્યાસ સામગ્રી મળશે.

આ કેન્દ્ર સમાજના બાળકો માટે સ્પર્ધાત્મક યુગમાં પોતાનું સ્થાન બનાવવા માટેનું મજબૂત આધારસ્તંભ બનશે.

આજે જે બીજ વાવવામાં આવી રહ્યા છે, આવતીકાલે તે જ સમાજનું સુવર્ણ ભવિષ્ય બનશે, ઈનશાઅલ્લાહ.

| TET/TAT ની તાલીમ મેળવેલ વિદ્યાર્થીઓ | સરકારી શિક્ષક તરીકે નોકરી મેળવનાર |
|---|---|
| **૧૦૨+** | **૧૨+** |



# મમતા રિહેબ સેન્ટર

વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશનની એક એવી જગ્યા, જ્યાં જઈને દરેક નજર આપોઆપ ઝૂકી જાય છે એટલે કે - મમતા રિહેબ સેન્ટર.

મમતા...

એ એવા માસૂમ બાળકોનું ઘર છે જેઓ માનસિક રીતે અક્ષમ છે.

પરંતુ સાચું કહીએ તો, મમતા માત્ર એક સેન્ટર નથી, એ તો માની મમતાનો વાસ્તવિક છાંયડો છે.

આપને જણાવીએ કે WBVF એ તેની શરૂઆત શા માટે કરી?

આ એ બાળકો છે જેઓ દિલથી નિર્મળ છે. જેઓને સારું, ખરાબ, સાચું ખોટું કંઈ પણ સમજતા નથી, જેઓ આ દુનિયાની ચાલાકીઓથી સંપૂર્ણ અજાણ છે. ન તો તેમને આ દુનિયાની સમજ છે, ન આ દુનિયાના લોકોની.

પરંતુ, આ નિર્દોષ બાળકોના ભવિષ્યને લઈને WBVF અત્યંત ચિંતિત હતું.

તેમનું દુઃખ... તેમની ઈજ્જત... તેમની આવનારી કાલ... આ બધું સંસ્થા માટે ખૂબ જ મોટો પ્રશ્ન હતો.

આ જ વિચાર સાથે વર્ષ ૨૦૨૨માં WBVF એ એક પાયલોટ પ્રોજેક્ટ તરીકે માત્ર ૧૫ બાળકો સાથે મમતા રિહેબ સેન્ટરની શરૂઆત કરી,

આજે, આ સ્નેહભરી સફળતાઓ વિશે શું કહીએ?

મમતાએ આ બાળકો પર હૃદયપૂર્વક મહેનત કરી દિવસ-રાત એક કર્યા. મમતા પાસે સંપૂર્ણ રીતે પ્રોફેશનલ અને સમર્પિત સ્ટાફની ટીમ છે.

WBVFના માર્ગદર્શન હેઠળ મમતાએ એવી ઉડાન ભરી જેનો ક્યારેય અંદાજ પણ નહોતો.

આજે... મમતા પાસે ૧૬૫ થી વધુ બાળકો છે. અને આ બધા બાળકોને સંપૂર્ણપણે નિઃશુલ્ક થેરાપી મળી રહી છે.

આ વાત કહેતા અમે અલ્લાહપાકનો શુક્ર અદા કરીએ છીએ, કે મમતામાં થેરાપી લેતા ૧૮ બાળકો આજે સંપૂર્ણ રીતે આપણા જેવા નોર્મલ બની ચૂક્યા છે. અને ૪૫ બાળકો તેમની હાલત માંથી ઝડપથી નોર્મલ તરફ આગળ વધી રહ્યા છે.

આજે તેઓ પોતાનું કામ જાતે કરી શકે છે, થોડું લખી શકે છે, બોલી શકે છે, અને સમજવા લાગ્યા છે.

ઈન્શાઅલ્લાહ, આવનારા વર્ષોમાં આ બાળકો આપણી જેમ નોર્મલ બનીને શાળામાં સારા બાળકો સાથે ભણતા નજરે પડશે.

જરા કલ્પના કરો, આ બદલાવથી એ મા, એ બાપ, જેઓ પોતાની જિંદગીમાં એક સમયે એકલા પડી ગયા હતા.

આજે તેમના દિલને કેટલી રાહત મળી રહી હશે.

સાથીઓ, ગરીબ પરિવારોમાં જન્મેલા આ બાળકોના માતા–પિતાના માટે મમતા કોઈ પાક, મુક્કદ્દસ જગ્યા કરતાં ઓછી નથી.

મમતાના આ બાળકોએ સ્પેશિયલ ઓલિમ્પિક્સમાં ભાગ લીધો.

નાના–નાના ગામડાંમાંથી આવેલા આ નિર્દોષ બાળકો, આજે સુધી ૩૪ મેડલ જીતીને મમતાની સાથે–સાથે આખા સમાજને ગૌરવ અપાવી ચૂક્યા છે.

વિશેષમાં આખા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા બાળકો વચ્ચે મમતાના બાળકોએ કોન્ફીડાન્સ માં ભાગ લઈ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરીને પોતાની ક્ષમતા સૌની સામે સાબિત કરી દીધી.

મમતા રિહેબ સેન્ટર આ નિર્દોષ બાળકોને તેમની મંઝિલ તરફ લઈ જતા સતત નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું છે. ખૂબ જ ઓછા સમયમાં મમતાએ એવું કરી બતાવ્યું. જે આજ સુધી કોઈ કરી શક્યું નહોતું.

અહીં સુધી કે કેનેડાથી આવેલા એક સ્પેશિયલ એજ્યુકેટરે કહ્યું કે,

"મમતા, ભરૂચમાં વૈશ્વિક સ્તરનું કાર્ય કરી રહ્યું છે. આટલા ઓછા સમયગાળામાં આવી સિદ્ધિઓ મેં પ્રથમ વખત જોઈ છે."

આજે પોતાની અક્ષમતાઓથી આગળ વધી ક્ષમતાની દિશામાં સફર કરતા આ બાળકો માટે મમતાએ પ્રી–પ્રાઈમરી શિક્ષણની પણ શરૂઆત કરી છે.

મમતા રિહેબ સેન્ટર એક અદ્વિતીય પહેલ છે, જે આ સફર માત્ર મમતાની લગનનો પુરાવો નથી... પરંતુ, આ વાતનો દિલને સ્પર્શી જતો દાખલો છે કે જો આપણે સૌ સાથે મળીએ, તો આવા બાળકો અને તેમના પરિવારોની જિંદગી નિશ્ચિત રીતે બદલી શકાય છે.

| વિભાગનું નામ | સંખ્યા |
|---|---|
| | |
| થેરાપી | ૧૩૦ |
| પ્રિ પ્રાયમરી શિક્ષણ | ૩૫ |
| કુલ બાળકો | ૧૬૫ |

| આજ સુધી આપવામાં આવેલી કુલ થેરાપી |
|---|
| ૭૦,૦૦૦+ |

આ તમામ થેરાપી તદ્દન નિઃશુલ્ક આપવામાં આવે છે.



# મમતા રીહેબના અહેમદની વાત

વર્ષ હતું ૨૦૧૩.

ભરૂચ જિલ્લાના છેવાડાનો વિસ્તાર જંબુસરમાં વસેલું એક નાનકડું ઘર...

અંદાજે ૧૧ વ્યક્તિઓ સાથે જીવતું, હસતું-ખીલતું, રમતું જીવન – એક સંયુક્ત કુટુંબ.

સાંજના દીવાનખાનાંમાં વાતોથી વાત, રસોડામાં રાંધતાં ભાત, અને એ બધાની વચ્ચે એક નાનકડો દીવો જન્મે છે. નામ રાખ્યું અહેમદ..

સુંદર તો એટલો કે જોનાર જુએ તેટલો જોયા જ કરે, અને માસૂમ એટલો કે આંખ ન ભરે. ઘરમાં બધાનો લાડકવાયો. નાના-મોટા બધાને દાદલો પાડી દેતો. કોઈ થાકેલો હોય ને અહેમદનો ચહેરો જોઈને જ મોઢા પર મુસ્કાન આવી જાય.

જેમ જેમ અહેમદ મોટો થતો ગયો, તેમ તેમ પરિવારના સપનાઓ પણ ઊંડા થવા લાગ્યા

"અહેમદ ડોક્ટર બનશે...", "આપણો ભવિષ્યનો પ્રકાશ બનશે!"

ઘર ભલે નાનું હતું, પણ અહેમદ માટે ઈચ્છાઓનો મહેલ ઊંચો હતું. પરંતુ, જીવન તો પોતાના પાનાં સ્વયં લખે છે. ક્યારેક તો આ જીવન એક વળાંક પર આવી જાય છે જ્યાં આશા એડીઓ તળે ચૂરી જાય છે. એક રાત હતી મધરાત પછીનો સમય. અહેમદને અચાનક તાવ આવ્યો.

"બાળકોને તો આવતો હોય આવો તાવ..." એમ વિચારીને માતાએ દવા આપી, વાળીને સુવડાવ્યો.

પરંતુ બીજાં દિવસે તાવ ઘટવાને બદલે વધવા લાગ્યો. ગામના દવાખાને લઈ જવામાં આવ્યો. ત્યાંના ડોક્ટરે આંખમાં નજર નાખીને તરત બોલ્યા:

“આ બાળકને તાત્કાલિક મોટી હોસ્પિટલમાં લઈ જાવ...” પગમાં થરથરાટ.

દીલમાં ધબકારો.... અહેમદ મોટી હોસ્પિટલમાં દાખલ થયો.

જેમ જેમ દિવસો વીતતા ગયા, તેમ તેમ ડોક્ટર પણ આશા ગુમાવતા ગયા.

અને એક દિવસ, ડોક્ટરએ અહેમદના માતા પિતાને કહ્યું કે,

"દુઆ કરો, હવે બધું ઉપર વાળા પર છે. આપણે આપણું બધું કરી ચૂક્યા છે. પણ હવેવધું શક્ય નથી લાગતું."

એ શબ્દો નહોતાં, જાણે અકાળે વરસતા વરસાદની જેમ તૂટીને પટકાતા પ્રહાર હતા.

માતાની આંખ ખાલી, પિતાનું હૃદય ઢસ્સ,

“નહીં... નહિ... મારો અહેમદ જલ્દી ઠીક થઈ જશે તમે દવા કરોને સાહેબ.

દુઆઓ, માતાની આંખોમાં નિરંતર છલકાતી એ ઉમ્મીદ, અને એમાં દિવસો વિતવા લાગ્યા.થોડા દિવસો બાદ એક ચમત્કાર થયો. અહેમદ ધીમે ધીમે તાવમાંથી ઊભો થવા લાગ્યો.

ડોક્ટરે કહ્યું: “અમે બધું કર્યું, પણ આ બચાવ એ ઈશ્વર અને આપની દુઆઓનો કમાલ છે.”

ઘરે પાછો આવ્યો તો હસતાં ચહેરાઓથી ભરેલું આંગણું એને ઝંખતું હતુ.

માતાએ એને વાળીને રડતી આંખોથી ચુમ્બન કર્યું, "મારો દીવો પાછો આવ્યો..."

પરંતુ... ક્યાંક કંઈક ખૂટતું હતું. અહેમદ હવે પહેલા જેવો નહોતો.

એ બોલતો નહોતો, સમજતો નહોતો, બરાબર ચાલતો પણ નહોતો.

થોડું સમજીને આશા રાખી: “એતો હવે ધીરે ધીરે સારું થશે.”

બવ દિવસ હોસ્પિટલમાં રહ્યો એટલે આવું હોય ને. માતા આવા દિલાસાઓ સાથે મન ને મનાવી લેતા.

પણ અહેમદનો વ્યવહાર ઉગ્ર બનતો ગયો. કોઈ વસ્તુ ઉઠાવી ફેંકી દે, કોઈની ગાડી જોઈને બેસી જવા દોડે... શરીર પર એનો કાબૂ રહે નહિ. એની ઉમર ના બાળકો જેવું એ કંઈજ કરી શકતો ન હતો. પરંતુ એને શાળામાં દાખલ કર્યો, પણ ત્યાં પણ અહેમદ સમજે નહિ, બેઠો રહે નહિ.

એકથી બીજી કલાસમાં જવા ખુબ રડે. કોઈને પણ જુએ તો એની સાથે સ્કૂલમાંથી નીકળી જાય, એના થી અન્ય બાળકો ની જેમ બોલી ન શકાય.

શાળાએ આખરે કહ્યું: "આ બાળક સામાન્ય નથી. એટલે શાળામાં રાખી શકાતું નથી."

માતા-પિતા માટે આ બીજી વાર હૃદયભેદ હતી.

"આંખે જોતા જોતા આપણું બાળક એ બન્ને વિશ્વથી કટ થતું જાય છે..."

હવે બધાં અહેમદથી દૂર રહેવા લાગ્યા. જેમની આંખે અહેમદ માટે સપનાં જોયા હતાં, એ હવે પોતે જ આંખો ચોરી રહ્યા હતા.

પિતાનું નાનું મોબાઇલ રિપેરીંગનું કામ, અને મગજમાં ૧૦૦૦ પ્રશ્નો: "મારો અહેમદ આવો કેમ? કોઈ તો કહો કઈ દવા છે? ક્યાં જઈએ?" અને એક દિવસ પાડોશીએ કહ્યું: "તમે આ બાળકને મગજના ડોક્ટરને બતાવો..."

મગજ ના ડોક્ટર ને કેમ, ના ના એમની જરૂર નથી. પણ વાસ્તવિકતા ને સ્વીકારવી આવશ્યક હતીજ એટલે એક વહેલી સવારે અહેમદ ના માતા પિતા એને સુરત મોટા મગજ ના દવાખાને લઈ ગયા. ચકાસણી થઈ અને ડોક્ટરે કહ્યું:

"તમારું બાળક માનસિક રીતે પાછળ છે. એને થેરાપી સેન્ટરની જરૂર છે." માતા એ માત્ર "પાછળ છે" એ શબ્દ સાંભળ્યો જ નહીં અને સ્વીકાર્યો પણ નહીં, હવે પોતાની બધી આશાઓનો તૂટતો અવાજ, થેરાપી સેન્ટરને શોધવા લાગ્યા. પણ ખાનગી થેરાપી સેન્ટર તો ઊંચી ફી બોલે, માત્ર એક કલાકના ૫૦૦ રૂપિયા!

અને ક્યારે ઠીક થાશે, કહીજ ન શકાય. રાત્રે નિરાશ બનીને ઘેર પાછા ફર્યા.

પણ એ જ સમયે એ જ રાતે અહેમદનું ભવિષ્ય બદલાયું.

અહેમદના પિતાને WBVF(વર્લ્ડ ભરૂચી વહોરા ફેડરેશન - સમાજ સેવી સંસ્થા)ના સંયોજક (સમાજ સેવક) મળ્યા. વાતચીતમાં અહેમદની વાત આવી, એટલે પિતા એ અહેમદની આખી વાત કરી. તરતજ સંયોજકે કહ્યું:

"તમે ચિંતા ના કરો. WBVF ની 'મમતા રિહેબ સેન્ટર' આવાં બાળકો માટે જ છે."

માતા-પિતાના દિલે કહ્યું: "આ તો ખુદાંનો જવાબ છે!" અને ૧૨ માર્ચ, ૨૦૨૪ બરોબર ગરમીથી તપેલી જમીન ધીરે ધીરે ઠંડી થતી અને સાંજના ઝાંખા પ્રકાશમાં, હાથ બાંધેલા, આંખોમાં શૂન્યતા અને પગલાંમાં વિમલ સમજણ વગર – ૧૧ વર્ષનો અહેમદ "મમતા રિહેબ સેન્ટર"ના દરવાજે આવી પહોંચ્યો...

બધી તપાસ કરી, મોટા મનોવિજ્ઞાની, ડૉક્ટરો ની ટીમ એ થોડી ચર્ચા કરી અને ઠંડો શ્વાસ લઈ તદ્દન ચિંતા વિહિન ભાવથી સેન્ટરના ડોક્ટર બોલ્યા: "તમારે જરાક પણ ફિકર કરવી નહીં, અહીંયાથી હવે જવાબદારી અમારી છે."

આ શબ્દો એ માતા પિતાની ઉમ્મીદો અને હોસ્લાઓને ફરી ઊભા કર્યા.

અને આજે, માત્ર એક વર્ષના સમય પછી, અહેમદ બોલે છે, દિલથી હસે છે, પગે ચાલે છે, શબ્દો લખે છે અને હવે મમતાની પ્રાઈમરી ક્લાસમાં અભ્યાસ પણ કરે છે. અને કોઈ પૂછે ક્યાં ભણે છે તો અહેમદ ગર્વથી બોલે મમતા માં એ જે દિવો એક વખત ઢળી પડ્યો હતો આજે ફરીથી પ્રકાશ આપી રહ્યો છે.

મમતા એ એહમદેને નથી બદલ્યો, તેને સમજ્યો. મમતા બવ દૃઢપણે માને છે કે જ્યાં સમજ છે, ત્યાં જ ખરેખર શિક્ષણ છે. અહેમદ કહે છે કે મમતા એ મને શીખવ્યું છે,

દુનિયા ભલે ગમે તે ચુકાદો આપે, જ્યાં સુધી અંતઃકરણની અદાલતમાં હું નિર્દોષ સાબિત થતો રહીશ, ત્યાં સુધી વટથી જીવતો રહી શકીશ.....



# ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી.

સાથીઓ,

કેટલાક એવા વિષયો છે, જ્યાં પરિસ્થિતિઓ ફક્ત મુશ્કેલ જ ન હતી, પરંતુ અંદરની આત્માને હચમચાવી નાખે એવી હતી.

WBVF આવા મુદ્દાઓને ક્યારેય અવગણી શકે જ નહીં. તમને એક એવા પ્રોજેક્ટ વિશે જણાવી રહ્યા છે જ્યાં સમાજની પીડા હૃદયને ચીરી નાખે એવી હતી.

સાથીઓ,

ઈસ્લામમાં સૂદ - એટલે કે વ્યાજ - ને હરામ ઠરાવવામાં આવ્યું છે.

પરંતુ કયા શબ્દોમાં તમને સમજાવીએ એ પીડા... એ દુઃખ... જે સૂદના જાળમાં ફસાયેલા આપણા સમાજે સહન કર્યું છે?

થોડીક રકમ વ્યાજ પર લેવામાં આવે, પરંતુ તેની બમણી રકમ ચૂકવી દીધા બાદ પણ મૂળ રકમ - મુદ્દલ - યથાવત જ રહેતી હતી.

અને પછી, વ્યાજ વસૂલવા આવનાર એ માફિયા,

હવે ફક્ત દરવાજા સુધી નહીં,

ઘરના અંદર સુધી ઘૂસી આવતા હતા.

ત્યારબાદ ઊભી થતી મુશ્કેલીઓ શબ્દોમાં વર્ણવી શકાય એવી નહોતી,

અહીં સુધી કે વ્યાજ લેતા માફિયાઓ ઘરની મા-બહેનો સુધી પહોંચી જતા હતા.

એવા પરિવાર, જેઓની ગરીબીએ તેમને સૂદના આ દલદલમાં ધકેલી દીધા હતા, અને ઈઝ્ઝત સાથે જીવવું મુશ્કેલ બની ગયું હતું.

આ વાતોએ હૃદય પર ભારે પ્રહાર કર્યો, અને આવી જ દુઃખદ હકીકતોને કારણે WBVF ગંભીર અને લાંબા વિચારમાં પડી ગયું. અને બસ, આજ કારણ બન્યું, કે WBVF એ સમાજ માટે આશાની કિરણ બને એવો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો.

વર્ષ ૨૦૨૧ માં ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી ની સ્થાપના કરવામાં આવી, જેને ભારત સરકારના કોઓપરેટિવ એક્ટ હેઠળ નોંધણી કરાવવામાં આવી છે.

સંસ્થાનો હેતુ સંપૂર્ણપણે સ્પષ્ટ છે

ગરીબ અને મજબૂર પરિવારોને બિન-વ્યાજે કર્જ ઉપલબ્ધ કરાવવું.

સમાજના નાના પરિવારોમાં બચત કરવાની આદત વિકસાવવી.

સૂદના અત્યાચારથી મુક્તિ અપાવવી.

રોજગાર મેળવવામાં સમાજને સહાય કરવી.

સમાજની વિધવાઓ માટે સ્વસહાય સમૂહ બનાવી રોજગારી ઉભી કરવી.

આજે, ૧૭૩૫થી વધુ સભ્યો આ મંડળીથી જોડાયેલા છે, અને તેના લાભો મેળવી રહ્યા છે.

| કુલ સભ્યો | કુલ મંજૂર થયેલી લોન | ઈન્સ્ટન્ટ લોન : રૂ. **૧૦,૦૦૦** |
|---|---|---|
| **૧૭૩૫+** | **૧૧૪+** | **૨૭+** |

# અલીફ માર્ટ

"મુફલિસી હિસ્સ-એ-લતાફત કો મિટા દેતી હૈ"
(ગરીબી માનવીની નાજુક લાગણીઓ અને જીવનની સૌંદર્યસભર અનુભૂતિઓને મટાડી નાખે છે.)

ધી WBVF બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી એ અલીફ માર્ટની પણ સ્થાપના કરી છે.

અલીફ માર્ટ એક સમુદાય દ્વારા સંચાલિત વ્યાવસાયિક પહેલ છે,

આ પહેલનો મુખ્ય હેતુ એ છે કેઆર્થિક રીતે નબળા વર્ગો માટે ખાસ કરીને વંચિત પરિવારો માટે ઈજ્જતભર્યું અને ટકાઉ બજાર મંચ ઉપલબ્ધ કરાવવામાં આવે.

આજે અલીફ માર્ટ એક ઉત્તમ સુપર સ્ટોર તરીકે પોતાની વિશિષ્ટ ઓળખ બનાવી ચૂક્યું છે.

અહીં આપણા બાળકોને રોજગાર મળી રહ્યો છે,

અને આવનારા સમયમાં ઈન્શાઅલ્લાહ સમાજના નાના વેપારીઓને, વિધવા બહેનોને, અને ગરીબ પરિવારો દ્વારા તૈયાર કરાયેલા ખાદ્ય પદાર્થોને સારી માર્કેટિંગ મળશે,

અને તેમના રોજગારને નવો આધાર મળશે.

આ ફક્ત એક પ્રોજેક્ટ નથી...

આ ઈઝ્ઝત સાથે જીવવાનો પ્રયાસ છે.

આ વ્યાજના અંધકારમાંથી બહાર આવી હલાલ અને પાક માર્ગ પર ચાલવાનો પવિત્ર સફર છે.

સંસ્થા દ્રઢપણે માને છે કે સમાજમાં, દરેક માનવીને ઈજ્જત અને આત્મસન્માન સાથે જીવવાનો અધિકાર છે.



# WBVF કોમન સર્વિસ સેન્ટર

આજના યુગમાં, જ્યાં ડિજિટલ ઍક્સેસ જીવનનું અવિભાજ્ય અંગ બની ગયું છે,

ત્યાં આજે પણ ઘણા લોકો ઓનલાઇન પ્રક્રિયાઓ અને દસ્તાવેજોની જટિલતાઓને કારણે પાછળ રહી જાય છે.

આ તબક્કે સામાન્ય માણસ સરકારી યોજનાઓ તથા વિધાર્થીઓ પોતાના ઓનલાઇન ફોર્મ ભરવા માં મદદ મેળવી શકે એવા આશય થી વડોદરા જંબુસર ભરૂચ આ ત્રણ શહેરો માં CSC સેન્ટર કાર્યરત છે.

કોઈ પણ પ્રકારના ફોર્મ ભરવાથી લઈને સબમિશન અને ફોલો-અપ સુધી તમામ પ્રક્રિયા આ સેન્ટરો પરથી તદ્દન ની: શુલ્ક કરવામાં આવે છે.

## પૂરી પાડવામાં આવતી સેવાઓ


- રાઈટ ટુ એજ્યુકેશન રજીસ્ટ્રેશન
- કુંવરબાઈનું મામેરું યોજના રજીસ્ટ્રેશન
- સ્પર્ધાત્મક પરીક્ષા સ્કોલરશિપ રજીસ્ટ્રેશન
- ઓનલાઇન સરકારી સ્પર્ધાત્મક પરીક્ષા રજીસ્ટ્રેશન
- સરકારી અને બિન-સરકારી સ્કોલરશિપ (શિષ્યવૃત્તિ) રજીસ્ટ્રેશન
- કોલેજ રજીસ્ટ્રેશન ફોર્મ
- સરકારી યોજનાઓનું રજીસ્ટ્રેશન
- ફૂડ બિલ (ભોજન બિલ) રજીસ્ટ્રેશન
- પાન કાર્ડ
- આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડ
- ઈ-શ્રમ કાર્ડ

| કુલ લાભાર્થીઓ | WBVF કોમન સર્વિસ સેન્ટરો | અમારી સેવાઓ |
|---|---|---|
| **૭૧૫૦+** | **3+** | **૧૨+** |

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ ૬ થી ૧૪ વર્ષની વયના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણની ખાતરી આપે છે, જેમાં વંચિત પૃષ્ઠભૂમિ ધરાવતા બાળકો માટે ખાનગી શાળાઓમાં ૨૫% બેઠકો અનામત રાખવામાં આવી છે.

૨૦૧૮ થી WBVF આ માટે સક્રિયપણે હિમાયત કરી રહ્યું છે, જે સુનિશ્ચિત કરે છે કે દરેક પાત્ર બાળકને તેઓ લાયક હોય તેવી તકો મળે.

## લાભ મેળવેલા બાળકોનો વર્ષવાર આંકડાકીય ગ્રાફ



# WBVF મેટ્રિમોનિયલ

નિકાહ એ આપણા પ્યારા નબી ﷺની સુન્નત છેનિકાહ એ ફક્ત બે વ્યક્તિઓનું મિલન નથી, પરંતુ બે પરિવારો અને અલ્લાહ દ્વારા લખેલા બે નસીબનું મિલન છે.

WBVF મેટ્રિમોનિયલ પ્રોજેક્ટ એક વિચારશીલ અને સમર્પિત પહેલ છે જે આપણા સમાજના  પરિવારોને યોગ્ય જીવનસાથી શોધવામાં મદદ કરે છે.

લગ્ન અને પરામર્શ સેવાઓનો અહેવાલ

નવા લગ્નો: ૧૫૯+ થી વધુ.

સમાધાન (વિવાદ નિવારણ): ૮૦+ થી વધુ કિસ્સાઓમાં પરામર્શ (કાઉન્સેલિંગ) અને વિવાદ નિવારણ માટે સહાય પૂરી પાડી.

બીજી વખતના લગ્ન (પુનઃલગ્ન): ૬૦+ થી વધુ બીજી વખતના લગ્નોના આયોજનમાં મદદ કરી.

ત્રીજી વખતના લગ્ન: ૩૦+ થી વધુ ત્રીજી વખતના લગ્નો ગોઠવવામાં મદદ કરી.

# મહિલા વિંગ

આપણા સમાજની અડધીથી વધુ વસતી મહિલાઓની છે, પરંતુ વર્ષો સુધી તેમની અવાજ સમાજના કેન્દ્રથી ઘણી દૂર જ રહી ગઈ. WBVF “ઉરૂજ” પ્રોજેક્ટ દ્વારા એમની અવાજ ને માન મળે અને સ્ત્રીઓની આરોગ્ય સંબંધિત સમસ્યાઓ પર કામ શરૂ કર્યું, જે સમસ્યાઓ ઘણીવાર ખામોશીથી સહન કરવામાં આવી રહી છે.

જેમ કે બ્રેસ્ટ કેન્સર અને અન્ય છુપાયેલી ગાયનેકોલોજીકલ તકલીફો.

આજે તમે જાણો છો અમારા સમાજની ઘણી મા–બહેનો બ્રેસ્ટ કેન્સર અને વિવિધ ગાયનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે, અને આ પીડા સામે ખામોશીથી લડી રહી છે.

પરંતુ WBVF એ આવા વિષયોને ક્યારેય અવગણ્યા નથી.

જાગૃતિ ફેલાવવી, સમયસર માર્ગદર્શન આપવું અને ઉપચાર તરફ દોરી જવુ, આ બધાં પર ગંભીરતાથી કામ કરવામાં આવી રહ્યું છે.

આ પહેલ ફક્ત સારવાર અથવા જાગૃતિ પૂરતી સીમિત નથી.

પરંતુ નબી-એ-કરીમ હઝરત મુહમ્મદ ﷺ દ્વારા શીખવાયેલા ઉસૂલોના આધારે સ્ત્રીઓને ઈઝઝત, ઓળખ અને બરાબરીનું સ્થાન પણ આપે છે.

ઉરૂજ પ્રોજેક્ટે સ્ત્રીઓને જીવન, આરોગ્ય અને જવાબદારીઓ વચ્ચે સાચું સંતુલન શીખવ્યું, અને તેમને ફરીથી પોતાની વિચારશક્તિ, પોતાની સેહત અને પોતાના વજુદ સાથે જોડ્યા.



# મિશન કફાલત

સમાજમાં એક એવો વર્ગ છે,

જ્યાં કેટલાંક બાળકોના પિતા હંમેશા માટે તેમની સાથે નથી રહ્યા,

અને ઘણી બહેનો એવી છે, જેઓના જીવનસાથી તેમના જીવનમાં હાજર નથી.

સમાજ વર્ષોથી આવા યતીમ બાળકો અને બેવા બહેનોનું યથાશક્તિ ધ્યાન રાખતો આવ્યો છે.

પરંતુ, WBVF નું મિશન કફાલત માત્ર સહાનુભૂતિ નથી, આ એવી જવાબદારી છે, જે રીતે દીન-એ-ઈસ્લામ આપણને શીખવે છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત આવા પરિવારોની સંપૂર્ણ કફાલત કરવામાં આવે છે.

બાળકોની માનસિક અને શારીરિક આરોગ્ય, તેમના શિક્ષણનું યોગ્ય માર્ગદર્શન અને જરૂરી ખર્ચ, તેમને મળતો નૈતિક આધાર, અને તેમના તમામ ડોક્યુમેન્ટેશન સુધી દરેક બાબતનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

આ સાથે સાથે આવા પરિવારોની મા–બહેનો માટે પણ એક સ્પષ્ટ હેતુ રાખવામાં આવ્યો છે,

કે તેઓ કોઈ પર નિર્ભર ન રહે, પરંતુ હંમેશા આત્મનિર્ભર બને.

મિશન કફાલત નો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર એટલો છે, કે ક્યારેય પણ આ બાળકોને એવું લાગવું નહીં જોઈએ કે તેઓ એકલા છે.

પરંતુ તેઓ હંમેશા એવું અનુભવે “અમારો સમાજ અમારી સાથે છે.”

આવા વર્ગ માટે નબી-એ-કરીમ હઝરત મુહમ્મદ ﷺ વિશેષ ધ્યાન રાખતા હતા.

યતીમોની કફાલત કરવા માટે કુરઆન શરીફ જેવી મુકદ્દસ કિતાબ અને પ્યારા નબી ﷺ નું મુબારક માર્ગદર્શન વારંવાર આપણું ધ્યાન દોરે છે.

મિશન કફાલત ફક્ત એક પ્રોજેક્ટ નથી,

આ તો દીન મુજબ

જવાબદારી નિભાવવાનો પ્રયાસ છે, એક એવી કફાલત

જે ઈઝઝત આપે, સહારો આપે, અને આશાનો દીવો પ્રગટાવે.

આવો આપણે સાથી મળી ને આવા પરિવારો ની જીમ્મેદારી લઈએ અને તેમના માટે સહારો બનીએ.

મુફલીશી હિસ્સે લતાફત કો મિતા દેતી હૈ, બશર કો બશર કી ઔકાત ભુલા દેતી હૈ.
આઓ ઉસ માં કી જુબાની ભી કોઈ બાત સુને, રોજ બચ્ચો કો જો ભુખા હી સુલા દેતી હૈ.
અપની ઈજ્જત કે-ભરોસે જો થી મજબૂત ખડી, આખીર એક રોજ વો સર અપના જુકા દેતી હૈ.
ઉસ્કે દામન પે લગે દાગ યહી કહેતે હૈ, ભુખ તેહજીબ કે આદાબ મિટા દેતી હૈ

**અત્યાર સુધી, ટીમે તેનું કામ ચાલુ રાખ્યું છે:**

| સાથે | શાળાએ જતા બાળકો | થી |
|---|---|---|
| **૭૪ પરિવારો** | **૧૨૩** | **નર્સરી થી ધોરણ ૧૨** |

# BANK ACCOUNT DETAILS

**NAME : WORLD BHARUCHI VAHORA FEDERATION**

**vpa : world98253@barodampay**

**A/c name : World Bharuchi Vahora Federation**
**A/c No. : 920010067216651**
**IFSC Code : UTIB0000450**
**Bank : Axis Bank, Branch : Bharuch**

**Mo : 8758038623**

**આપના દાનની રકમ આપને 80G હેઠળ ઈન્કમટેક્સમાં રાહતને પાત્ર છે...**




## :સંપર્ક વિગતો:

**હેડ ઓફિસ**
WBVF મુખ્ય કાર્યાલય આરજુ સોસાયટી,
જંબુસર બાયપાસ બ્રિજ, સર્વિસ રોડ, ભરૂચ ગુજરાત. ૩૯૨ ૦૦૧

**રજીસ્ટર ઓફિસ**
૧૩, ચિસ્તીયા ટાઉનશિપ શોપિંગ સેન્ટર,
શેરપુરા મેઈન ગેટની સામે, ભરૂચ - ૩૯૨ ૦૦૧, ગુજરાત (ઈન્ડિયા)

ફોન નંબર : +૯૧ ૮૭૫૮૦ ૩૮૬૨૩
ઈ-મેઈલ : bharuchvf@gmail.com
વેબસાઈટ : www.thewbvf.com

Follow us :

WBVF Vision 2025